ફિફા વર્લ્ડકપ આજની મેચો

ન્યૂઝીલેન્ડ vs બેલ્જિયમ	ઇજીપ્ત vs ઇરાન	પનામા vs ઈંગ્લેન્ડ	ક્રોએશિયા vs ઘાના	કોલંબિયા vs પોર્ટુગલ	કોંગો vs ઉઝબેકિસ્તાન
સવારે 8.30 વાગ્યે	સવારે 8.30 વાગ્યે	રાત્રે 2.30 વાગ્યે	રાત્રે 2.30 વાગ્યે	મળસ્કે 5.00 વાગ્યે	મળસ્કે 5.00 વાગ્યે

ઓસ્ટ્રેલિયા અને પરાગ્વે વચ્ચેની મેચ 0-0થી ડ્રો

ઓસ્ટ્રેલિયા નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યું

પરાગ્વેની ટીમ પણ આગળના રાઉન્ડમાં પહોંચે તેવી પૂરી શક્યતા

સૂંતા ક્લારા (યુએસ): ગુરુવારે રાત્રે સેન્ટા ક્લેરા ખાતે રમાયેલી ગ્રુપ-Dની છેલ્લી મેચમાં ઓસ્ટ્રેલિયા અને પરાગ્વે વચ્ચેની મેચ 0-0થી ડ્રો રહી છે. આ પરિણામ સાથે જ ઓસ્ટ્રેલિયાની ટીમે સત્તાવાર રીતે વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં સ્થાન પાકું કરી લીધું છે, જ્યારે 4 પોઈન્ટ સાથે પરાગ્વેની ટીમ પણ આગળના રાઉન્ડમાં પહોંચે તેવી પૂરી સંભાવના છે.

ઓસ્ટ્રેલિયાની ટીમ સારા ગોલ ડિફરન્સના આધારે અમેરિકા પછી ગ્રુપમાં બીજા સ્થાને રહીને ક્વોલિફાય થઈ છે. આ ત્રીજી વખત છે જ્યારે ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યું હોય. હવે આગામી 3 જુલાઈએ આર્લિંગ્ટન ખાતે તેનો મુકાબલો ગ્રુપ G ની બીજા ક્રમની ટીમ સામે થશે.

18 વર્ષીય લુકાસ હેરિંગ્ટનને તક આપી હતી. હેરિંગ્ટન વર્લ્ડ કપ મેચ રમનારો ઓસ્ટ્રેલિયાનો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. પરાગ્વેના મિડફિલ્ડર ડિએગો ગોમેઝને ગ્રુપ સ્ટેજનું આ બીજું યલો કાર્ડ મળ્યું છે, જેથી જો તેની ટીમ નોકઆઉટમાં પહોંચશે તો પણ તે રાઉન્ડ ઓફ 32ની આગામી મેચ રમી શકશે નહીં.

તુર્કીનો અમેરિકા સામે વિજય

આયહાનના અંતિમ મિનિટના ગોલથી તુર્કીએ આ વર્લ્ડકપમાં પોતાની પ્રથમ જીત નોંધાવી

ઈન્ગલવુડ (કેલિફોર્નિયા), તા. 26 (એપી): ગુરુવારે રાત્રે કેલિફોર્નિયાના સોફી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ-Dની છેલ્લી મેચમાં તુર્કીએ યજમાન અમેરિકાને 3-2થી હરાવીને આ વર્લ્ડકપમાં પોતાની પ્રથમ અને એકમાત્ર જીત નોંધાવી છે. મેચના ઈન્જરી ટાઈમની છેલ્લી સેકન્ડોમાં કાન આયહાને વિજયી ગોલ કરીને તુર્કીને યાદગાર જીત અપાવી હતી. જોકે, આ હાર છતાં અમેરિકાની ટીમ અગાઉથી જ પેરાગ્વે અને ઓસ્ટ્રેલિયાને હરાવીને ગ્રુપ D માં ટોપ પર રહી નોકઆઉટમાં પહોંચી ચૂકી છે, જ્યાં બુધવારે તેનો મુકાબલો બોસ્નિયા-હર્ઝેગોવિના સામે થશે. અમેરિકાના કોચ મોરિશિયો પોચેટિનોએ આ લો-સ્ટેક મેચમાં 9 નવા ખેલાડીઓને તક આપી હતી. મેચની માત્ર 3જી મિનિટે ઓસ્ટન ટ્રસ્ટીએ ગોલ કરીને અમેરિકાને 1-0 ની લીડ અપાવી હતી. આ ગોલ સાથે જ આ વર્લ્ડ કપમાં કુલ ગોલની સંખ્યા 173 પર પહોંચી ગઈ છે, જે ચાર વર્ષ પહેલા કતાર વર્લ્ડ કપમાં બનેલા સૌથી વધુ સંયુક્ત ગોલના રેકોર્ડને તોડે છે. તુર્કીએ શાનદાર વાપસી કરતા 10મી મિનિટે આર્દા ગુલર અને 31મી મિનિટે ઓર્કુન કોકકુના ગોલની મદદથી પ્રથમ હાફમાં 2-1ની લીડ મેળવી લીધી હતી.

સેકન્ડ હાફની શરૂઆતમાં જ એટલે કે 49મી મિનિટે સેબેસ્ટિયન બરહાલ્ટરે 20 યાર્ડ દૂરથી શાનદાર શૉટ મારીને અમેરિકાને 2-2 ની બરાબરી પર લાવી દીધું હતું. ત્યારબાદ 58મી મિનિટે ઈજામાંથી પરત ફરેલા સ્ટાર ખેલાડી ક્રિશ્ચિયન પુલિસિકે મેદાન પર એન્ટ્રી કરી હતી અને ગોલ કરવાની ઘણી તકો બનાવી હતી, પરંતુ તુર્કીના ગોલકીપર ઉગુરકાન ચાકીરે તેને સફળ થવા દીધો ન હતો. આખરે 98મી મિનિટે (8મી મિનિટ ઓફ સ્ટોપેજ ટાઇમ) કેન ઉઝુનના પાસ પર કાન આયહાને ગોલ કરીને તુર્કીને 3-2થી જીત અપાવી હતી

ડ્રો રમી જાપાન અને સ્વીડન બંને નોકઆઉટ રાઉન્ડમાં

આર્લિંગ્ટન (યુએસ), તા. 26 (એપી): ગુરુવારે રાત્રે આર્લિંગ્ટન ખાતે રમાયેલી ગ્રુપ-Fની રોમાંચક મેચમાં જાપાન અને સ્વીડન વચ્ચેની મેચ 1-1થી ડ્રો રહી છે. આ ડ્રો પરિણામ સાથે જ બંને ટીમોએ વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરી લીધો છે.

મેચના સેકન્ડ હાફમાં જાપાન તરફથી દાઇઝેન માએદાએ ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી, પરંતુ તેના છ મિનિટ બાદ જ એન્થોની ઈલાન્ગાએ શાનદાર ગોલ કરીને સ્વીડનને બરાબરી અપાવી દીધી હતી.

મેચના પ્રથમ હાફમાં બંને ટીમો એકપણ ગોલ કરી શકી ન હતી. 56મી મિનિટે રિત્સુ દોઆનના સચોટ પાસ પર દાઇઝેન માએદાએ બોક્સની અંદરથી જમણા પગે શાનદાર શૉટ મારીને જાપાનને 1-0થી આગળ કર્યું હતું. આ ગોલ સાથે જાપાને આ વર્લ્ડ કપમાં કુલ 7 ગોલ પૂરા કર્યા છે, જે તેમના વર્લ્ડકપ ઈતિહાસમાં કોઈ એક સીઝનનો સર્વશ્રેષ્ઠ સ્કોર છે. જોકે, 62મી મિનિટે સ્વીડનના એન્થોની ઈલાન્ગાએ પેનલ્ટી બોક્સની બહારથી ડાબા પગે અદભુત પ્રહાર કરીને સ્કોર 1-1થી બરાબર કરી દીધો હતો.

મેચની અંતિમ ક્ષણોમાં સ્વીડનને ગોલ કરવાની વધુ તકો મળી હતી. ઈન્જરી ટાઈમમાં ઈલાન્ગાના શૉટ અને ત્યારબાદ એલેક્ઝાન્ડર ઈસાકના હેડરને જાપાનના ગોલકીપર ઝિઓન સુઝુકીએ શાનદાર ડાઇવ લગાવીને બચાવી લીધા હતા. સ્વીડનને મેચમાં 8 કોર્નર કિક મળી હતી જ્યારે જાપાનને માત્ર 2 જ મળી શકી હતી. જાપાનની ટીમ ગ્રુપ Fમાં નેધરલેન્ડ્સ પછી બીજા ક્રમે રહીને સતત ત્રીજી વખત નોકઆઉટમાં પહોંચી છે.

આઈવરી કોસ્ટે ક્યુરેસાઓને હરાવ્યું નિકોલસના બે ગોલ

નિકોલસ પેપેના બે ગોલની મદદથી આઈવરી કોસ્ટનો પ્રથમ વખત નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ

ક્યુરેસાઓ ટૂર્નામિન્ટમાંથી બહાર થયું

ફિલાડેલ્ફિયા, તા. 26 (એપી): ગુરુવારે ફિલાડેલ્ફિયામાં રમાયેલી ગ્રુપ Eની મહત્વની મેચમાં આઈવરી કોસ્ટે શાનદાર પ્રદર્શન કરતા ક્યુરેસાઓને 2-0થી હરાવી દીધું છે. પોતાના ચાર વર્લ્ડકપના ઇતિહાસમાં આઇવરી કોસ્ટે પ્રથમ વખત ગ્રુપ સ્ટેજ પાર કરીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચીને નવો ઈતિહાસ રચ્યો છે. આ જીતનો અસલી હીરો સ્ટાર ફોરવર્ડ નિકોલસ પેપે રહ્યો હતો, જેણે મેચના બંને હાફમાં એક-એક ગોલ ફટકારીને ક્યુરેસાઓની આશા તોડી નાખી હતી.

મેચની શરૂઆતથી જ આઇવરી કોસ્ટની ટીમે આક્રમક રમત બતાવી હતી. મેચની માત્ર 7મી મિનિટે જ 19 વર્ષીય યાન ડાયોમેન્ડેના પાસ પર નિકોલસ પેપેએ શાનદાર ગોલ કરીને આઈવરી કોસ્ટને 1-0ની લીડ અપાવી દીધી હતી. ત્યારબાદ સેકન્ડ હાફમાં ક્યુરેસાઓએ વાપસી કરવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ 64મી મિનિટે પેપેએ ડાબા પગથી બીજો શાનદાર ગોલ ફટકારીને ટીમની જીત 2-0થી પાકી કરી દીધી હતી. આ શાનદાર પ્રદર્શન બદલ પેપેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો.

અગાઉની મેચમાં ઈક્વાડોર સામે 15 બચાવ કરનાર ક્યુરેસાઓનો 37 વર્ષીય ગોલકીપર એલોય રૂમ આ મેચમાં પેપેના આક્રમણને રોકી શક્યો ન હતો. આ હાર સાથે જ ક્યુરેસાઓ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે.

નેધરલેન્ડ્સનો ટ્યુનિશિયા સામે 3-1થી વિજય, ગ્રુપ Fમાં ટોચ પર રહ્યું

વરસાદની વચ્ચે રમાયેલી મેચમાં બ્રાયન બ્રોબીનો શાનદાર ગોલ

ટ્યુનિશિયાના ખેલાડીઓએ બે આત્મઘાતી ગોલ કર્યા

કન્સાસ સિટી, તા. 26 (એપી): ગુરુવારે રાત્રે વરસાદની વચ્ચે રમાયેલી ગ્રુપ-Fની છેલ્લી મેચમાં નેધરલેન્ડ્સે ટ્યુનિશિયાને 3-1થી હરાવીને ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવી નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કર્યો છે. નેધરલેન્ડ્સ વતી સ્ટાર ખેલાડી બ્રાયન બ્રોબીએ ટૂર્નામેન્ટનો પોતાનો ત્રીજો ગોલ કર્યો હતો, જ્યારે ટ્યુનિશિયાના ખેલાડીઓ દ્વારા થયેલા બે આત્મઘાતી ગોલને કારણે ડચ ટીમની જીત સરળ બની ગઈ હતી.

આ મેચ પહેલા નેધરલેન્ડ્સ અને જાપાન બંને સરખા પોઈન્ટ સાથે ટોચ પર હતા. પરંતુ બીજી મેચમાં જાપાન સ્વીડન સામે 1-1થી ડ્રો પર રોકાતા, નેધરલેન્ડ્સ ગ્રુપ વિજેતા બન્યું છે. હવે આગામી સોમવારે રાઉન્ડ ઓફ 32માં નેધરલેન્ડ્સનો મુકાબલો મોરોક્કો સામે થશે, જ્યારે બીજા ક્રમે રહેલા જાપાનનો મુકાબલો મજબૂત બ્રાઝિલ સામે થશે. ટ્યુનિશિયાની ટીમ આ હાર સાથે ટૂર્નામેન્ટમાંથી પહેલા જ બહાર થઈ ચૂકી હતી.

મેચની શરૂઆતની મિનિટોમાં જ ડેન્ઝેલ ડમફ્રિઝના ક્રોસને ક્લિયર કરવા જતાં ટ્યુનિશિયાના કેપ્ટન એલિયસ સ્ખીરીએ પોતાના જ નેટમાં બોલ મારી દેતાં નેધરલેન્ડ્સને 1-0 ની લીડ મળી ગઈ હતી. ત્યારબાદ 7મી મિનિટે કેપ્ટન વિર્જિલ વેન ડાઇકના પાસ પર બ્રાયન બ્રોબીએ શાનદાર ગોલ કરીને સ્કોર 2-0 કરી દીધો હતો. 54મી મિનિટે ટ્યુનિશિયાના હાઝેમ મસ્તૌરીએ ગોલ કરીને સ્કોર 2-1 કર્યો હતો, પરંતુ 62મી મિનિટે ટ્યુનિશિયાના અનીસ સ્લીમાનેના હેડરથી ફરી ઓન-ગોલ થતાં નેધરલેન્ડ્સે 3-1થી મેચ જીતી લીધી હતી. ત્રણ વખત ફાઈનલમાં હારી ચૂકેલી ડચ ટીમ આ વખતે ટાઈટલ જીતવાના મજબૂત ઈરાદા સાથે આગળ વધી રહી છે.

ઈન્ડિયા-Aનો શ્રીલંકા-A સામે પ્રથમ ઈનિંગમાં 452 રનનો વિશાળ સ્કોર

કેપ્ટન ધ્રુવ જુરેલની અણનમ સદી

શ્રીલંકાએ 2 વિકેટે 113 રન બનાવ્યા

ગાલે, તા. 26 (પીટીઆઈ): શુક્રવારે ગાલે ખાતે શરૂ થયેલી પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ મેચના બીજા દિવસે, કેપ્ટન ધ્રુવ જુરેલની અણનમ 141 રનની શાનદાર ઈનિંગની મદદથી ઈન્ડિયા-A ટીમે પ્રથમ ઈનિંગમાં 6 વિકેટે 452 રન બનાવી દાવ ડિક્લેર કર્યો હતો. જવાબમાં શ્રીલંકા-A ટીમે બીજા દિવસના રમતની સમાપ્તિ સુધીમાં 2 વિકેટે 113 રન બનાવી લીધા છે અને તેઓ હજુ પણ 339 રન પાછળ છે.

ભારતીય બોલરોએ શ્રીલંકાની શરૂઆત બગાડી હતી. અંશુલ કંબોજે (1/22) નિરોશન ડિકવેલાને (10 રન) આઉટ કરીને પ્રથમ સફળતા અપાવી હતી, જ્યારે યશ ઠાકુરે (1/20) પવંથા વીરાસિંઘેને (11 રન) બોલ્ડ કરીને શ્રીલંકાનો સ્કોર 38 રનમાં 2 વિકેટ કરી દીધો હતો. જોકે, ત્યારબાદ નુવાનિદુ ફર્નાન્ડોએ (અણનમ 65) અને અશેન બંડારાએ (અણનમ 18) ત્રીજી વિકેટ માટે 75 રનની અણનમ ભાગીદારી કરીને શ્રીલંકાની ઈનિંગને સંભાળી હતી.

અગાઉ, ગઈકાલના 68 રનથી આગળ રમતા કેપ્ટન ધ્રુવ જુરેલે 215 બોલમાં 13 ફોર અને 1 સિક્સર સાથે 141 રનની અણનમ ઈનિંગ રમી હતી. તેની સાથે શેખ રશીદે 63 રન અને હર્ષ દુબેએ 30 રનનું યોગદાન આપ્યું હતું. મેચના પ્રથમ દિવસે ઓપનર સાઈ સુદર્શનની 132 રનની સદીની મદદથી ભારતે મજબૂત પાયો નાખ્યો હતો. શ્રીલંકા તરફથી ફાસ્ટ બોલર ચામિકા ગુણશેખરાએ મહત્વની વિકેટો ઝડપી હતી.

ભારતે આયર્લેન્ડને 182 રનના સ્કોર પર અટકાવ્યું

હર્ષિત રાણાએ 3 જ્યારે અર્શદીપ અને અક્ષરે 2-2 વિકેટ ઝડપી

બેલફાસ્ટ, તા. 26 (પીટીઆઈ): શુક્રવારે બેલફાસ્ટ ખાતે રમાયેલી પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય ફાસ્ટ બોલરોએ શાનદાર પ્રદર્શન કરીને આયર્લેન્ડને 9 વિકેટે 182 રન પર સીમિત કરી દીધું છે. આ મેચમાં યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીના ડેબ્યુની આશા હતી, પરંતુ તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું ન હતું. હર્ષિત રાણા (3/24)ની આગેવાનીમાં ભારતીય બોલરોએ શરૂઆતથી જ મેચ પર પકડ જમાવી લીધી હતી.

લાંબા સમય બાદ ઈજામાંથી પરત ફરેલા હર્ષિત રાણાએ પાવરપ્લેમાં જ આયર્લેન્ડને શરૂઆતી ઝટકા આપ્યા હતા. ટિમ ટેક્ટર અને રોસ અડાયર પુલ શૉટ રમવાના ચક્કરમાં કેચ આઉટ થયા હતા, જ્યારે હેરી ટેક્ટરને અર્શદીપ સિંહે (2/28) આઉટ કર્યો હતો. પાવરપ્લેમાં આયર્લેન્ડે માત્ર 36 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. શિવમ દુબેએ પણ બેન કેલિટ્ઝને આઉટ કરીને આયર્લેન્ડનો સ્કોર 51 રનમાં 4 વિકેટ કરી દીધો હતો.

ત્યારબાદ આયર્લેન્ડના કેપ્ટન લોર્કન ટકરે (50 રન, 36 બોલ) અને ગેરેથ ડેલાનીએ (49 રન) આક્રમક બેટિંગ કરીને ટીમનો સ્કોર 150 ને પાર પહોંચાડ્યો હતો. ડેલાનીએ પ્રસિદ્ધ ક્રિષ્નાની એક જ ઓવરમાં ત્રણ છગ્ગા અને એક ચોગ્ગો ફટકારીને 27 રન લૂંટ્યા હતા, પરંતુ તે અર્શદીપનો શિકાર બન્યો હતો. અક્ષર પટેલે પણ 2 વિકેટ ઝડપી હતી.

અનુસંધાન... પાના પહેલાનું

હવે NCERTએ...

મતદારયાદી ટૂંકી થઈ હતી, જેમાં વિરોધ પક્ષો અને કાર્યકરોના એવા દાવાઓ વચ્ચે લગભગ 65 લાખ નામો દૂર કરવામાં આવ્યા હતા કે ચૂંટણી પંચ ભાજપના ઈશારે દસ્તાવેજોના અભાવે નાગરિકોને મતાધિકારથી વંચિત કરવાનું કામ કરી રહ્યું છે. પુસ્તકના "અન્ડરસ્ટેન્ડિંગ સોસાયટી: ઇન્ડિયા એન્ડ બિયોન્ડ" શીર્ષક હેઠળના એક ભાગમાં લખ્યું છે કે, ચૂંટણી પંચ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પણ હાથ ધરે છે, જેમાં મતદારયાદીઓને અદ્યતન કરવાની, ચકાસણી અને સુધારણા કરવાની કામગીરી સામેલ છે. SIR દ્વારા તે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ પાત્ર નાગરિક બાકાત ન રહી જાય અને કોઈ અપાત્ર વ્યક્તિનો મતદારયાદીમાં સમાવેશ ન થાય.

રામ મંદિર...

અમને એ મોટી ચોરી વિશે જણાવો જે ત્યારબાદ થઈ છે. નોટો ગણવામાં રોકાયેલો વ્યક્તિ, જો તે ચોરી કરે તો પણ વધુમાં વધુ કેટલી નોટો લઈ શકે? મોટા પાયે ચોરીઓ વગદાર લોકો દ્વારા કરવામાં આવે છે. તેમની સામે કોઈ FIR નથી. સરસ્વતીએ જણાવ્યું હતું કે વિપક્ષે આ મુદ્દો કોઈ આધાર વગર નથી ઉઠાવ્યો.

ઓપરેશન સિંદુરમાં...

દિનેશ કુમાર (ભારતીય ભૂમિદળ), એવિએશન ટેકનિશિયન મૂડ મુરલીનાઈક (ભારતીય ભૂમિદળ), હવાલદાર સુનીલ કુમાર સિંહ (ભારતીય ભૂમિદળ), સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર, વાયુ સેના મેડલ (ભારતીય વાયુસેના) 'રોલ ઓફ ઓનર'માં તેઓનો સમાવેશ એ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન શહીદ થયેલા જવાનોની ઓળખની પ્રથમ સત્તાવાર જાહેર સ્વીકૃતિ છે. મે ૨૦૨૫માં ચાર દિવસ સુધી ચાલેલા આ સંઘર્ષ દરમિયાન સૈન્ય જાનહાનિના અહેવાલો હોવા છતાં, અત્યાર સુધી સરકારે સત્તાવાર રીતે તેમની ઓળખ જાહેર કરી ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદુર અને તે પછીની પાકિસ્તાન સાથેની લડાઈમાં ભારતના કેટલા જવાન માર્યા ગયા અને ભારતે કેટલા યુદ્ધ વિમાનો ગુમાવ્યા વગેરે બાબતે સમયે સમયે વિવાદ થતો રહ્યો છે.

ઉત્તરીય વેનેઝુએલામાં...

લોકોની શોધખોળ કરવા તેમજ ખોરાક અને પાણીનું વિતરણ કરવા માટે આ વિસ્તારમાં સેના તૈનાત કરી દેવામાં આવી છે. હજારો લોકો ગુમ હોવાના અહેવાલો અને ચાલી રહેલી સઘન બચાવ કામગીરી વચ્ચે મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. એક અંદાજ પ્રમાણે પચાસ હજાર લોકો લાપતા છે. 'ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન'ના જણાવ્યા અનુસાર, વેનેઝુએલામાં ૬૭.૬ લાખ જેટલા લોકો આ ભૂકંપથી પ્રભાવિત થઈ શકે છે, જેમાંથી અંદાજે ૨૦ લાખ લોકો માત્ર કારાકાસના જ છે. ઇન્ટરનેશનલ રેડ ક્રોસના અમેરિકા ખંડના પ્રાદેશિક નિયામક લોયસ પેસે જણાવ્યું હતું કે, લોકો હજુ પણ પોતાના ઘરોમાં પાછા ફરતા ખૂબ જ ડરી રહ્યા છે. ધૂળ અને લોહીથી લથપથ થયેલા ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં બાળકો પણ સામેલ હતા. સરકારે કાટમાળ ખસેડવા ભારે મશીનરી મોકલવાની વાત કરી હતી છતાં તે દેખાતી નથી અને ઘણી જગ્યાએ લોકો જાતે જ કાટમાળ ખસેડી રહ્યા છે તે બાબતે ફરિયાદ ઉઠી હતી. વાસ્તવમાં અમેરિકાએ હુમલો કરીને પ્રમુખ નિકોલસ મદુરેને પકડી લીધા તે પછી હંગામી પ્રમુખ બનેલા ભૂતપૂર્વ ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્સની સરકાર સામે આ ભૂકંપને કારણે મોટો પડકાર ઉભો થયો છે. પ્રમુખે રાષ્ટ્રજોગ સંબોધન કરીને કટોકટી જાહેર કરી છે.

રામ જન્મભૂમિ...

હતું કે, રામ મંદિર માટેના દાનમાં કૌભાંડ અંગે તેના ઉપાધ્યક્ષ ચંપત રાયે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ના મહાસચિવ પદેથી રાજીનામું આપ્યું હોવાની તેમને કોઈ જાણકારી નથી. વીએચપીના પ્રવક્તા વિનોદ બંસલે આ અહેવાલો નકારતા આ નિવેદન આપ્યું હતું, જે બાદમાં એવી અટકળો તેજ થઈ ગઈ હતી કે ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ આરોપોને પગલે નૈતિકતાના આધારે ટ્રસ્ટમાં પોતાના પદો પરથી રાજીનામું આપી દીધું છે. જો કે સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બંને પર રાજીનામુ આપી દેવા માટે ભારે દબાણ હતું. એવી પણ અટકળો હતી કે એફઆઈઆરમાં ચંપત રાયનું પણ નામ હશે પરંતુ પ્રથમ એફઆઈઆરમાં ચંપત રાયનું નામ નથી.

આજનું પંચાંગ

તા. 27/06/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ : તેરસ : 24:44, શનિપ્રદોષ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ:06
યોગ : સાધ્ય **કરણ:** કૈવલ
નક્ષત્ર : અનુરાધા : 22:12 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
રાશિ : વૃશ્ચિક (ન.ય.)
દિવસ : સામાન્ય, વટ સાવિત્રી વ્રતારંભ
સુરતમાં સૂર્યોદય : 06:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:49
પારસી વર્ષ : 1395 બહમન માસનો 17મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 11મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિના ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુકાળ: સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): સરકારી કામમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળે. આરોગ્ય નરમ રહે.

વૃષભ(બ,વ,ઉ): જીવન સાથીનો સાથ મળે. નવા કામમાં પ્રગતિ થાય. કોર્ટ-કચેરીમા મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય.

મિથુન (ક,છ,ઘ): નોકર-ચાકર અને પડવા-વાગવાથી સાવધાન રહેવું. બેંકના કામમાં-મદદ મળે. માનસિક અશાંતિ રહે.

કર્ક (ડ,હ): વિદ્યાભ્યાસમાં નવું શીખવા મળે. પ્રેમમાં તાલમેળ રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રોનો સાથ મળે.

સિંહ (મ,ટ): મિલકત બાબતે પ્રાપ્તિ થાય. નવા ઘરની યોજના બને. વડીલોના આરોગ્યના ખર્ચા વધશે.

કન્યા (પ,ઠ,ણ): રચનાત્મક કાર્ય સફળ બનશે. કોઈની સાથે વિવાદ કરવો નહી. મિત્રોથી નુકસાન થઈ શકે છે.

તુલા (ર,ત): સખત દોડ-ધામ અને કામનાં બોજનો અનુભવ વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. પરિવારનો સાથ મળે.

વૃશ્ચિક (ન,ય): કાર્ય સિધ્ધિનો અનુભવ થાય. માતા-પિતાની ચિંતા સતાવે. પડવા-વાગવાનથી સાવધાન રહેવું. મન અશાંત રહે.

ધન (ભ,ધ,ફ,ઢ): અણગમતા સમાચાર મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક પ્રાપ્તિ થઈ શકે. પ્રવાસમાં વિઘ્નો આવે.

મકર (ખ,જ,): મિત્રોનો સાથ મળે. જીવન-સાથી સંતાનોના કામ થાય. આવક વધારાની તક મળે. નવા રોકાણમાં સાવધાની.

કુંભ (ગ,સ,શ,ષ): કાર્ય સિધ્ધિથી ઉત્સાહિત રહેશો. નોકરીમા નવી જવાબદારી મળે. ધંધામાં નવા સોદા પાર પડે.

મીન (દ,ચ,ઝ,થ): જૂના મિત્રોની મુલાકાત થાય ઉચ્ચ-કક્ષાના લોકોની સલાહથી નવી તક મળે. પ્રવાસ થાય.

કોઈ પણ સાલમાં 27 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારી ને સ્થાન ફેરથી કામનો બોજ અને અશાંતિ વધશે. ધંધા-વ્યવસાયમાં નવી યોજના બને. હરીફો સાથે આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી અને આરોગ્યની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ કોર્ટ -કચેરીમાં મદદ મળે. સહી સિક્કા બાબતે સાવધાન રહેવું. વિદેશના કામ ધીમાં પડશે. ઉચ્ચ શિક્ષણ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળતુ રહેશે. સખત મહેનત કરવી પડશે. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. સંતાનોનાં કામ-કરીયર--અભ્યાસમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબત મધ્ય વર્ષમાં પ્રાપ્તિ થાય. નવા વેપાર ધંધામાં મિત્રો-વડીલોનો સાથ મળે. વારસા, જમીન, જાયદાદમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ-એપ્રિલ-ઓકટોબર-નવેમ્બર, મંગળ-ગુરૂવાર, 09-18-27 તારીખે નવા કામ કરતાં રહેવુ. લાલ રંગનો ઉપ્યોગ કરવો. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર, 08,17,26 તારીખેનવાં કામ ટાળવો. સફેદભૂરા રંગનો ઉપ્યોગ ટાળવો.

સુડોકુ

		૨	૩				૧	૯
૭					૪			
૩								૪
૮			૧	૫	૯		૨	૬
૧				૩	૭			૮
				૪	૮		૭	૧
	૨		૮			૧	૯	
	૮			૧	૬	૨	૪	
૫					૨			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ખાટાં ઓડકાર

ઉનાળાની ગરમી સાથે પિત્ત અને અપચો આવે છે. આહારમા વિવેક અને મિતાહાર જાળવવો. અડધું લીંબુ લઈ તેમાં સંચળ, મરી અને જીરૂનુ મિશ્રણ ભરો. લીંબુ ચિપિયાથી પકડી ગરમ કરો. ખદખદે એટલે સહ્ય એટલું ગરમ ચૂસી જાવ.